અપીલ અરજી નં.૪૧૦ તા.૧૯–૧૧–૧૧
ફોન નં.૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ– શ્રી ચેતન કાંતિલાલ
સામાવાળાઃ–ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી(સેન્ટ્રલ ઝોન)

**ફરીયાદની હકીકતઃ–**

વિષય :–આરટીઆઈ એકટ હેઠળ શ્રી ચેતન કાંતિલાલની તા. ૧૫–૧૦–૧૧ની અરજીથી સેન્ટ્રલઝોન વોર્ડ નં. ૪ રહેણાંકવાળા વિસ્તારમાં આવેલ મિલકતો નં. ૪/૧૬૫, ૪/૨૧૦ અને ૪/૨૪૫ માં ચાલતા જરીના હેવી ટવીસ્ટીંગ મશીનો ભારત સરકારશ્રીના સંવિધાન મુજબ કઈ કલમો અને પેટા કલમો મુજબ બંધ નહી કરાવી શકાય ? તેના પરિપત્રની ઓરીજીનલ કોપીની સર્ટીફાઈડ નકલ આપશોજી તથા તેના વિશેની માહિતી આપશોજી વિ. માહિતી આપવા બાબત.

સંદર્ભ :–અરજદાર મજકુરની અપીલ તા.૧૯–૧૧–૧૧ ની **SMC/FAP/** નં.૪૧૦/૨૦૧૧–૧૨

શ્રી ચેતન કાંતિલાલની તા. ૧૫–૧૦–૧૧ની અરજીથી સેન્ટ્રલઝોન વોર્ડ નં.૪ રહેણાંકવાળા વિસ્તારમાં આવેલ મિલકતો નં. ૪/૧૬૫, ૪/૨૧૦ અને ૪/૨૪૫ માં ચાલતા જરીના હેવી ટવીસ્ટીંગ મશીનો ભારત સરકારશ્રીના સંવિધાન મુજબ કઈ કલમો અને પેટા કલમો મુજબ બંધ નહી કરાવી શકાય ? તેના પરિપત્રની ઓરીજીનલ કોપીની સર્ટીફાઈડ નકલ આપશોજી તથા તેના વિશેની માહિતી આપશોજી વિ.માહિતી આપવા બાબતે નિયત સમય અવધિમાં પ્રત્યુત્તર પાઠવેલ ન હોવાનું જણાવી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા. ૧૯–૧૧–૧૧ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો, વિલંબ /વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા તથા બાબતે દફતરી વિગતો નકલ સહ મોકલવા પત્ર નં.આરટીઆઈ સેલ/૧૧૬૦ તા.૨૮–૧૧–૧૧ થી ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી(સેન્ટ્રલ ઝોન) તથા અરજદારને અપીલ દરમ્યાન માહિતી મળે તો તે મળ્યા બાદ નારાજગી હોય તો આધાર સહ સ્પષ્ટ કરવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારીના પત્ર નં.સે.ઝોન/આરટીઆઈ/આઉટ ૧૬૯૪ તા.૯–૧૨–૧૧ થી નોંધ વિભાગ,અરજદારની મુળ અરજીની નકલ, અરજદારને પત્ર નં.સીઝેડ/આરટીઆઈ/આ./૧૬૦૮ તા.૩૦–૧૧–૧૧ થી પાઠવેલ માહિતીની નકલ, અત્રે મળેલ છે. જયારે અરજદાર તરફથી કોઈ વિગત અત્રે મળેલ નથી.

અરજદારની તા.૧૫–૧૦–૧૧ ની અરજીથી નિર્દિષ્ટ વિષય બાબત હેઠળની માહિતિ માંગતી અરજી જાહેર માહિતિ અધિકારી સેન્ટ્રલ ઝોન ખાતે કરવામાં આવેલ. જે બાબતે અરજદારે નિયત સમય અવધિમાં પ્રત્યુત્તર પાઠવેલ ન હોવાનું જણાવી નારાજ થઈ તા. ૧૯–૧૧–૧૧ ના રોજ અપીલ કરવામાં આવેલ છે. જેમાં અરજદારની અરજીમાં સેન્ટ્રલઝોન વોર્ડ નં. ૪ રહેણાંકવાળા વિસ્તારમાં આવેલ મિલકતો નં. ૪/૧૬૫, ૪/૨૧૦ અને ૪/૨૪૫ માં ચાલતા જરીના હેવી ટવીસ્ટીંગ મશીનો ભારત સરકારશ્રીના સંવિધાન મુજબ કઈ કલમો અને પેટા કલમો મુજબ બંધ નહી કરાવી શકાય ? તેના પરિપત્રની ઓરીજીનલ કોપીની સર્ટીફાઈડ નકલ આપશોજી તથા તેના વિશેની માહિતી આપશોજી. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારીના પત્ર નં.સીઝેડ/આરટીઆઈ/આ./૧૬૦૮ તા.૩૦–૧૧–૧૧ થી સેન્ટ્રલઝોન વિભાગ પાસે આવી કોઈ માહિતી રેકર્ડ ઉપર ઉપલબ્ધ નથી. તેવું સમય મર્યાદા બાદ જણાવેલ. જયારે અરજદારને અપીલ દરમ્યાન માહિતી મળે તો તે મળ્યા બાદ નારાજગી હોય તો આધાર સહ સ્પષ્ટ કરવા પત્ર ધ્વારા જણાવેલ જેના અનુસંધાને અરજદારે કોઈ સ્પષ્ટતા કરેલ નથી.

અરજદારની માંગેલ માહિતી સંદિગ્ધ પ્રકારની જણાય છે. ભારતનું બંધારણ ૨૨ વિભાગ ૧૨ પરિશિષ્ટ અને ૩૯૫ અનુસુચિમાં સમાવિષ્ટ છે અને આમુખ મુજબ ભારતના પ્રજાજનોએ તે કાનુની સ્વરૂપ આપી અપનાવી સમર્પિત કરેલ છે. જે જાહેર દસ્તાવેજ હોઈ સંદર્ભ મેળવવા અરજદાર સ્વતંત્ર છે.

## હુકમ

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

"અરજદારની તા.૧૫–૧૦–૧૧ ની અરજીના અનુસંધાને માંગવામાં આવેલ માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી પુરી પાડવામાં આવેલ હોઈ અપીલ અરજી અંગે કશું કરવાનુ રહેતુ નથી અપીલ અરજી દફતરે કરવામાં આવે છે."

(પી.જે. ઝાલા)
ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૧–૧૨

પ્રતિ,
(૧) ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી(સેન્ટ્રલ ઝોન) .....જાણ તથા અમલ માટે
(૨) શ્રી ચેતન કાંતિલાલ,